# પોલીસ કમિશ્નર કચેરી, રાજકોટ શહેર, રાજકોટ.

## લાયસન્સ બ્રાન્ચ

રેષકોર્ષ રીંગ રોડ, રાજકોટ. ફોન નં. :- ૦૨૮૧ - ૨૪૭૨૪૮૪.

ક્રમાંક : રાજ/સીપી/એલ.બી.-૨/બીઆરટીએસ/૧૯૨૯ /૨૦૧૩ તા.૧૯/૦૭/૨૦૧૩

**વંચાણેલીધા:-** (૧) અત્રેની કચેરીના તા.૨૯/૮/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક: રાજ/સીપી/ એલબી-૨/બીઆરટીએસ/૩૬૬૫/૨૦૧૧.

(૨) કમિશ્નરશ્રી રા.મ.ન.પા. રાજકોટના તા.૨૮/૬/૨૦૧૩ના પત્રક્રમાંક: જેએનએનયુઆરએમ/૨૩૯

(૩) પો.ઈન્સ.શ્રી ટ્રાફીક શાખાના તા.૮/૭/૧૩ના જા.નં.૧૧૯૬/૧૩.

**જાહેરનામું**

રાજકોટ મહાનગરપાલિકા ધ્વારા જે.એન.એન.યુ.આર.એમ યોજના અંતર્ગત રાજકોટ બી.આર.ટી.એસ પ્રોજેકટ અંતર્ગત હાલ ગોંડલરોડ ચોકડીથી માધાપરચોકડી સુધીનાં ૧૫૦ ફુટ રીંગ રોડ બ્લુ કોરીડોર બીઆરટીએસ રૂટને આમુખ-૧મા દર્શાવેલ જાહેરનામાથી "નોપાર્કીંગ ઝોન" જાહેર કરી આ બીઆરટીએસ-બસલેન (કોન્ક્રીટ રોડ) અંદર પ્રાઈવેટ વાહનો ચલાવવા પર તથા કોઈપણ પ્રકારના વાહનો પાર્કીંગ કરવા પર પ્રતિબંધ મુકવામા આવેલ છે.

૨/-કમિશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલીકા ધ્વારા આમુખ-૨માં દર્શાવેલ પત્રથી કરાયેલ રજુઆત મુજબ આ કોરીડોરમા અવાર-નવાર પ્રાઈવેટ વાહનો તથા રાહદારીઓ ધ્વારા આવન-જાવન કરતા હોય બીઆરટીએસ રૂટ પર ચાલતી બસ પરીવહન સેવામા અડચણ ઉભી થાય છે તેમજ અકસ્માત થવાની શકયતાઓ રહેતી હોવાનું જણાવેલ છે.

૩/- જેથી ઉપરોકત વિગતે આ બીઆરટીએસ બ્લુ કોરીડોર રૂટ પર બસ પરિવહન સેવા સારી રીતે અને ઝડપી તેમજ અકસ્માત રહિત ચાલે અને બસના રૂટમા અડચણ ન થાય તે માટે જાહેર જનતાની સલામતિને ધ્યાનમા રાખી આમુખ-૧મા દર્શાવેલ પત્રથી પ્રસિધ્ધ કરાયેલ જાહેરનામામાં નીચે જણાવ્યા મુજબનો સુધારો-વધારો કરવાની આવશ્યકતા જણાય છે.

(૧) ગોંડલરોડચોકડી થી માધાપરચોકડી સુધીના બીઆરટીએસ રૂટમા તમામ પ્રકારના વાહનો ચલાવવાની તેમજ વાહનો પાર્ક કરવાની મનાઈ ફરમાવવામા આવે છે.

(૨) ગોંડલરોડચોકડીથી માધાપરચોકડી સુધીના બીઆરટીએસ રૂટમા બીનયાંત્રિક પશુથી ચાલતા તથા રેકડી, હાથલારી ચલાવવાની મનાઈ ફરમાવવામા આવે છે.

(૩) ગોંડલરોડચોકડીથી માધાપરચોકડી સુધીના બીઆરટીએસ રૂટમા પગે ચાલનારા રાહદારીઓની આવન-જાવન કરવા પર મનાઈ ફરમાવવામા આવે છે.

૪/- સબબ હું એચ.પી.સીંઘ, પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, મને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી)થી મળેલ સત્તાની રૂઈએ ગોંડલરોડચોકડી થી માધાપરચોકડી સુધીનાં ૧૦.૭ કી.મી.નાં આ બી.આર.ટી.એસ બ્લુ કોરીડોરને પેરા-૩મા જણાવેલ વિગતે "નો પાર્કીંગ ઝોન" જાહેર કરી તેમા જણાવેલ વિગતે કોઈપણ પ્રકારના વાહનો, બીનયાંત્રિક પશુથી ચાલતા કે રેકડી, હાથલારી ચલાવવા પર અને પગે ચાલનારા રાહદારીઓની આવન-જાવન કરવા પર પ્રતિબંધ મુકુ છું.

આ હુકમનાં ભંગ બદલ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ પગલા લેવામા આવશે.

આજ રોજ તા.૧૯/૦૭/૨૦૧૩ ના રોજ મારી સહી તથા સિકકા કરી જાહેર જનતાની જાણ માટે બહાર પાડેલ છે.

( એચ.પી.સીંઘ )
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર

**નકલ જયભારત સાથ રવાના:-**

૧. અગ્ર સચીવશ્રી, ગૃહ વિભાગ ગુજરાત સરકાર સચિવાલય, ગાંધીનગર.

૨. પ્રોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર

૩. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી, રાજકોટ.

૪. જીલ્લા મેજી.શ્રી, રાજકોટ.

૫. કમીશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલીકા, રાજકોટ.
૬. ન યબ પોલીસ કમીશ્નરશ્રી, રાજકોટ શહેર.
૭. મ ૃદનીશ પોલીસ કમી.શ્રી, પુર્વ / પશ્ચિમ વિભાગ, રાજકોટ શહેર.
૮. 'વભાગીય નિયામકશ્રી, એસ.ટી. રાજકોટ.
૯. જયુ.ફ.ક.મેજી.શ્રી, ટ્રાફીક કોર્ટ, રાજકોટ.
૧૦. સંયુક્ત માહિતી નિયામકશ્રી, રાજકોટ ( ૬ નકલમાં )
 ;/– આ જાહેરનામાને બહોળી પ્રસિધ્ધિ અપાવવા સારુ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા માટે.
૧૧. સબ ડીવીઝનલ મેજી.શ્રી, રાજકોટ.
૧૨ વયવસ્થાપકશ્રી, સરકારી છાપકામ અને લેખન સામગ્રી વિભાગ, રાજકોટ.
 ૨/– આ જાહેરનામું ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂં.
૧ ૩. જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ.
૧૪. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ.

<u>નકલ રવાના:–</u>

૧. પો.ઈન્સ.શ્રી,એ.ડીવી/બી.ડીવી./ભ.નગર/મા.નગર/રા.તાલુકા/પ્ર.નગર/ગાંધીગ્રામ/થોરાળા/કુવાડવા રોડ/મહિલા પો.સ્ટે,રાજકોટ શહેર.
 ૨ /– જાણસારૂ
૨. પો.ઈન્સ.શ્રી, ટ્રાફિકશાખા, રાજકોટ શહેર. ( ૧૦ નકલમાં )
૩. ઈન્ચાર્જશ્રી, પોલીસ કંટ્રોલ રૂમ, રાજકોટ શહેર. ( ૧૫ નકલમાં )
 ૨/– વર્તમાન પત્રમાં મોકલવા સારૂં.